INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૨૯–૦૩–૨૦૨૫**

- **એસ.ટી નો વધુ એક વખત નો કમરતોડ ભાડા વધારાથી ગુજરાતના નાગરિકો પર આર્થિક બોજો વધ્યો**
- **એસ.ટીના ભાડામાં ડીઝલના ભાવ ઘટ્યા ત્યારે ઘટાડાને બદલે ભાડા વધારો ઝીંકતી ભાજપ સરકાર.**
- **ભાજપ સરકારના મંત્રી,સંત્રીઓના બેફામ ખર્ચા - રજવાડી ઠાઠ બંધ કરી મુસાફરોને લૂંટવાનું બંધ કરી ગુજરાતની જનતાને રાહત આપો.**

"એસ.ટી અમારી સલામત સવારી નહીં પરંતુ એસ.ટી અમારી મોંઘી સવારી બની છે" "હાથ ઊંચો કરો અને બસમાં બેસો નહીં" "ખિસ્સા ખંખેરો અને બસમાં બેસો" ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા મધરાતથી વધુ એક વખત ભાડા વધારાને લીધે ગુજરાતના નાગરિકો પરના આર્થિક બોજા માટે ભાજપ સરકારની લૂંટ નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ 2023માં 25% જેવો તોતિંગ વધારો કરાયા બાદ નજીકના દિવસોમાં જ ફરીથી 10% જેટલો વધારો કરતા એસ.ટી ભાડા માં કુલ 35% જેવો વધારો ઝીંકાયો છે જેના લીધે નિયમિત 28 લાખ મુસાફરોના ખિસ્સા ખંખેરાશે. એસ.ટી જ્યારે ડીઝલના ભાવ વધતા ભાડા વધારો કર્યો ત્યારે 685.47 કરોડની વાર્ષિક આવક બાદ લોકસભાની ચૂંટણી પૂર્વે ડીઝલના ભાવમાં રૂ.2/-નો ઘટાડો થવા છતાં ભાડા ઘટાડવામાં આવ્યા નહીં અને અંદાજે વાર્ષિક 1200 કરોડ રૂપિયા જેવી માતબર રકમ મુસાફરો પાસેથી વસૂલવામાં આવી રહી છે. 10% ભાડા ઘટાડવાના બદલે 10% ભાડા વધારવામાં આવ્યા. તત્કાલીન સમયે નિગમને ખર્ચ જેટલી આવક મળી રહે તે હેતુસર નહીં નફો નહીં નુકસાનના ધોરણે મુસાફરો પાસેથી આવક મેળવી હતી. મોંઘવારીના કપરા કાળમાં મુસાફરો ઉપર હાલ ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં આ પ્રકારનો વધારો બોજ સમાન છે. ભાજપ સરકારના મંત્રી,સંત્રીઓના બેફામ ખર્ચા- રજવાડી ઠાઠ બંધ કરી મુસાફરોને લૂંટવાનું બંધ કરો. અને જે કંઈ વધારો છે એ મોંઘવારીના કપરા સમયમાં પરત ખેંચવામાં આવે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા